

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

છે ચારે બાજુ 'કોરોના' ચેપ ત્યાં હું આવું કેમ ?
મરે માનવી મોંઘવારીમાં ત્યાં હું આવું કેમ ?
પૂજા-અર્ચના તમે કર્યા બંધ - આવી ને કરૂં શું ?!
છે ચારેબાજુ અત્યાચાર, એમાં હું આવું કેમ ?

હાઈકુ

આવું તો ખરો!
લ્યા! મંદિર તો બાંધો !!
મારે રે'વું કયાં ?!
(હજી કેટલી ચૂંટણી જીતવી છે?)

રાખો અંતર !
ભગવાનથી પણ -
ઈ યે રાખશે !!
(ઈ બાંધશે આંખે માસ્ક)

### ચિંતન

નરામ સદૃશો રાજા, પૃથ્વિયાં નીતિમાન ભૂત ।
સર્મૃત્યતા તુ યન્નીત્યા જાનરૈરપિ સ્વીકૃતા ॥

ઉપરોક્ત સાખી રામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.

આ પૃથ્વી પર રામ જેવા કોઈ નીતિવાન થયા નથી અને થવાના પણ નથી. તેમના નીતિથી ભરેલા વ્યવહારને કારણે વાનર જેવી પ્રજાએ પણ એમનું દાસત્વ સ્વીકાર્યું હતું. આ તેમનો વિજય હતો.

આજકાલ 'રાજકારણ' અને 'નીતિ' વચ્ચે સ્નાનસૂતકનો સંબંધ પણ રહ્યો નથી. નેતાની ઓળખ, સ્વભાવ અને વર્તન વિશે લોકો પરિચય વિના જ અનુમાન કરી શકે છે. નેતા અને રાજકારણની મથરાવટી અત્યારના જમાનામાં ખૂબ જ મેલી થઈ ગઈ છે.

નેતાઓ-નીતિમાન, હવે એ માત્ર આદર્શ-કલ્પનાની બાબત બની ગઈ છે.

રાજા રામ ત્યાગ, સેવા, નીતિ - ન્યાયમાં શ્રેષ્ઠ હતા. એમને મર્યાદાપુરુષોત્તમ કહેવામાં આવે છે. એમના ચારિત્ર્ય અને આચરણથી વાનર જેવા વન્ય પ્રાણીઓ પણ એમને વશ થયાં હતા અને તેમનું દાસત્વ સ્વીકારી, રામની સેવામાં જોડાયા હતા.

### સુવિચાર

- મત કર પરવાહ ઉનકી જો આજ દેતેં હૈ તાના...
  ઝુકા દેના સર ઉનકે જબ આયેગા તેરા જમાના.... - **બિન્દુ પારગી**
- જે માણસ પોતાની જાતને સુધારવા બેઠો હોય તેની પાસે બીજાની ટીકા કરવાનો સમય હોતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- ષડયંત્ર તમને મિલ્કત આપી શકે, સફળતા, શ્રેષ્ઠતા અને આત્મસંતોષ નહીં - **હિતેન આનંદપરા**
- તમારી નિયત નિઃસ્વાર્થ રાખી જોવો... નસીબને કયારેય શોધવા નહીં જવું પડે - **હિના ફુલાલ**
- કાંટા ભલે ને હતા માર્ગમાં, પગલાં માત્ર ફૂલો પર જ પડ્યાં, હતી દયા પ્રભુની મુજ પર, કે અંધારામાં પણ રસ્તા મળતાં રહ્યા - **ભીખુદાન ગઢવી**
- આપણે આપણું ધારેલું કરી શકીએ એ આપણી હોંશિયારી, લોકો એમનું ધારેલું આપણી સાથે ન કરી જાય એ આપણું મનોબળ - **ડો. વિજળીવાળા**
- આજનું ઔષધ : તુલસીના દસ પાન અને સુરજમુખીના ચાર પાન વાટીને તેનો રસ સવાર-બપોર-સાંજ પીવાથી બથી જાતનો તાવ ઉતરે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મહંમદ તઘલખ દિલ્હી પર રાજ કરતો હતો. તે પ્રખર વિદ્વાન અને મહેનતું ઉપરાંત ઉદાર પણ હતો. તેનામાં બે દુર્ગુણો પણ હતા. અહંકાર અને ઉતાવળ. તેણે ઘેલછામાં દિલ્હીને બદલે દૂર આવેલા દોલતાબાદને નવી રાજધાની નબાવી દીધી. આમ કરવાથી મુશ્કેલીઓ વધી તથા રાજકીય અને સામાજિક અસ્થિરતા પણ સર્જાઈ. વળી પસ્તાવો થતા રાજધાની દોલતાબાદથી દિલ્હી ખસેડવી પડી. તેણે કોઈ પણ ચિહ્ન અંક્તિ ન હોય તેવા તાંબાના ચલણી સિક્કા બનાવડાવ્યા. આમ કરવાથી બદમાશોએ એવા નકલી સિક્કા અમલમાં મૂક્યા. ભૂલ સુધારવા તઘલખે ચાંદીના સિક્કા ચલણમાં દાખલ કર્યા. તાંબાના સિક્કાની બદલીમાં ચાંદીના સિક્કા આપવાથી તેમનો ખજાનો ખાલી થઈ ગયો. હવે ખોટમાંથી રાજયને બહાર લાવવા પ્રજા પર કર બે ગણો વધારી દીધો. આવા અવિચારી - ઉતાવળીયા નિર્ણયથી પ્રજા પરેશાન થઈ ગઈ. અવારનવાર તથા વિચિત્ર ફરમાનોથી કંટાળીને સારા-સાચા - વિદ્વાનો રાજય છોડી બીજે સ્થાયી થવા લાગ્યા. સાર એ જ કે ઉદારતા, પરિશ્રમ અને વિદ્વતા જરૂર સદગુણો ગણાય છે. પરંતુ અહંકાર અને ઉતાવળિયા નિર્ણયો સર્વનાશ કરાવે છે. જે દુર્ગુણ ગણાય.

# પ્રસ્થાપિત સમીકરણોનો છેદ ઉડાડ્યો

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિપક્ષોની જેમ પોતાની પાર્ટીના પ્રદેશ એકમોને પણ આંચકા આપતા રહે છે. ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના નવા કર્ણધાર તરીકે નવસારીના સાંસદ સી.આર. પાટીલની નિમણૂક એ આવો જ એક આંચકો છે. ઓછામાં ઓછા ત્રણ-ચાર સિનિયર નેતાઓ આ પદની આશા રાખીને બેઠા હતા. સવિશેષ એ આ વખતે ઉત્તર ગુજરાતના જ કોઈ પાટીદાર કે ચૌધરી નેતાને આ પદથી નવાજેશ થશે એવી ગણતરીઓ મંડાતી રહી હતી. પૂર્વ ગૃહમંત્રી (રાજયકક્ષા) હરિભાઈ ચૌધરીનું નામ છાપામાં પણ ચમક્યું હતું. શંકરભાઈ ચૌધરીનું નામ પણ ચર્ચાતું હતું. ઉત્તર ગુજરાતના કડવા પટેલ અગ્રણી નીતિન પટેલ નાયબ મુખ્યમંત્રી છે એટલે બીજી પ્રભાવશાળી જ્ઞાતિ તરીકે ચૌધરી સમાજના અગ્રણી પર પસંદગીનો કળશ ઢોળાયો હોત તો તે વાજબી પણ ગણાત. વળી ક્ષત્રિય સમાજ જેવી મોટી સંખ્યા ધરાવતી જ્ઞાતિના કોઈ અગ્રણીનું નામ પણ આગળ ધરી શકાયું હોત. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનું નામ આ સંદર્ભે વારંવાર ચર્ચાતું રહ્યું છે. મોદી અને શાહ આ તમામ ગણતરીઓ નેવે મૂકીને એક એવું નામ ઝીંકી દે છે, જેની પ્રદેશ નેતાગીરીને, ગુજરાતની પ્રજાને કે વિપક્ષને કલ્પના સુધ્ધાં ન હોય. આ એમની અંતર્નિહિત તાકાત છે. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનું જ પાર્ટીમાં વર્ચસ્વ રહ્યા કરે તે ઉચિત પણ નહોતું. વારાફરતી દરેક ગુજરાતના નેતાને બારોબાર, કોઈને ગંધ ન આવે એ રીતે નિયુક્ત કરીને કેન્દ્રીય નેતાગીરીએ એક નવું જ પરિણામ અને સમીકરણ સર્જ્યું છે. કાશીરામ રાણાની આંગળી પકડીને રાજકારણમાં પ્રવેશેલા, મરાઠી પરિવારના અદના આદમી કાળક્રમે મોદીના વિશ્વાસુ સાથીદાર તરીકે કાઠું કાઢે છે અને નવસારીની બેઠક મોટી માર્જિન સાથે જીતી બતાવે છે. વારાણસીની બેઠકનો કાર્યભાર પણ પોતે સંભાળે છે અને પાર્ટીના ફંડ રેઈઝર તરીકેની બેનમૂન કામગીરી કરી બતાવે છે. બિહાર અને ઉત્તરપ્રદેશ કે કર્ણાટકમાં પણ નાણાં કોથળી સાથે હાજર થઈ જઈ ધાર્યું પરિણામ મેળવવાનો જશ સી.આર. પાટિલના ફાળે ગયો છે. એટલે હરહંમેશ અખબારોમાં અને ચેનલોમાં છવાયેલા રહેતા જાણીતા નેતાઓની સરખામણીએ ઓછી પ્રસિદ્ધિ ધરાવતા હોવા છતાં એમની સંગઠનશક્તિ અને રાજકીય કુનેહથી પ્રભાવિત વડાપ્રધાને ગુજરાત પ્રદેશ ભાજપાનું સુકાન એમને સોંપવાનું પસંદ કર્યું છે. અલબત્ત, એથી સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, પાટીદાર કે ક્ષત્રિય જેવાં પ્રાદેશિક અને જ્ઞાતિ સમાજ લક્ષી સમીકરણોથી ચીલો ચાતરીને કેન્દ્રીય નેતાગીરીએ એક ગર્ભિત સંદેશ પણ વહેતો મૂક્યો છે. ચૂંટણી ફક્ત અને ફક્ત 'મોદી' ના નામે જ જીતી શકાય છે, એવી શ્રદ્ધાનો રણકો આ નિણમૂકમાં વ્યક્ત થયો છે. નહીંતર અત્યારે આઠ વિધાનસભાની બેઠકો અને કોર્પોરેશનો તથા પંચાયતોની ચૂંટણી માથે હોય ત્યારે પાટીદાર - ક્ષત્રિય કે ઉત્તર ગુજરાત - સૌરાષ્ટ્રનાં પ્રસ્થાપિત સમીકરણોને નેવે મૂકી તદ્દન ઓછા જાણીતા અને મૂળ ગુજરાતી નહીં એવા, ઉપરાંત ઘણી બાબતોમાં વિવાદાસ્પદ રહેલા સી.આર. પાટિલના શિરે પ્રમુખપદનો સેરો બાંધવાનું સાહસ ભાગ્યે જ કરી શક્યા હોત. એક રીતે સી.આર. પાટિલની નિમણૂક એ મોદીના વજૂદ અને વર્સચ્વનો લિટમસ ટેસ્ટ છે. પાટિલની કુનેહ અને નાણાં શક્તિ. અલબત્ત મહત્ત્વની બની રહેશે પરંતુ સામે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને પાટીદાર સમાજની ઉપેક્ષાનો મુદ્દો પણ ગોરંભાતો રહેશે. સી.આર.પાટિલે વિધાનસભાની આઠે બેઠકો જીતવાનો વિશ્વાસ દર્શાવ્યો છે.

# બહાર વરસાદ વરસી રહ્યો છે તો અંદર લાગણીથી તરબતર ચહેરા પર અશ્રુધારા વહી રહી છે

નવાં કલેવર
નટવર હેડાઉ



બહાર વરસાદ વરસી રહ્યો હતો અને શાળામાં કલાસ ચાલી રહ્યો હતો. તે સમયે શિક્ષકે વિદ્યાર્થીઓને પૂછ્યું, 'તમને બધાને હું સો... સો... રૂપિયા આપું તો તમે શું ખરીદશો?'

કોઈએ કહ્યું, 'હું વીડિયોગેમ ખરીદીશ.' તો વળી કોઈએ કહ્યું કે, 'હું તો ક્રિકેટનું બેટ લેવાનો.' એક છોકરી ઊભી થઈ તેણે કહ્યું સર, હું તો સુંદર મજાની ઢીંગલી લઈશ.'



એક છોકરો કંઈક ઊંડા વિચારમાં ડૂબેલો હતો. શિક્ષકે તેને પૂછ્યું, 'બેટા, તું શું વિચાર કરે છે. તું શું લેવા માંગે છે.'

છોકરાએ કહ્યું, 'સાહેબ, મારી માંને જરાં ઓછું દેખાય છે. તેથી હું મારી મા માટે ચશ્મા લઈશ.' શિક્ષકે પૂછ્યું, 'તારી માં માટે ચશ્મા તો તારા પપ્પા ખરીદી શકે, તારે તારા માટે કંઈ ખરીદવું નથી.'

બાળકે જે જવાબ આપ્યો તેનાથી શિક્ષકની આંખમાં આંસુ આવી ગયાં. છોકરાએ કહ્યું, 'સર, મારા પપ્પા હવે આ દુનિયામાં નથી. મારીમાં લોકોનાં કપડાં સીવી મને ભણાવે છે અને તેને ઓછું દેખાતું હોવાથી કપડાં સારી રીતે સીવી સકતી નથી. તેથી હું મારી માં ને ચશ્મા લઈ દેવા માંગુ છું. જેથી હું સારી રીતે ભણી શકું. અને મોટો માણસ બની શકું. એ રીતે મારી માં ને તમામ સુખ આપી શકું.'

શિક્ષકે કહ્યું, 'બેટા, તારા આ વિચારો જ તારી મોટી કમાણી છે. આ સો રૂપિયા મારા વાયદા મુજબ અને આ બીજા જો રૂપિયા તને ઉછીના આપું છું. જયારે તું કમાવા લાગે ત્યારે મને પરત આપી જજે. મારી એવી ઈચ્છા છે કે તું એવડો મોટો માણસ બને કે તારા માથા પર હાથ ફેરવતાં હું ધન્ય થઈ જાઉં.'

૨૦ વર્ષ પછી....

બહાર વરસાદ વરસી રહ્યો છે અને અંદર કલાસ ચાલી રહ્યો છે. અચાનક સ્કૂલની આગળ જિલ્લા કલેકટરની બત્તીવાળી ગાડી આવીને ઊભી રહે છે. સ્કૂલનો તમામ સ્ટાફ એકદમ સચેત થઈ જાય છે.

સ્કૂલમાં સન્નાટો છવાઈ જાય છે. પણ આ શું ? જિલ્લા કલેકટર ગાડીમાંથી ઊતરી સીધા જ એક વૃદ્ધ શિક્ષકની તરફ આવે છે અને તેને પગે પડી જાય છે. અને કહે છે સર, ઉછીના લીધેલા તે સો રૂપિયા પરત આપવા આવ્યો છું.

સ્કૂલનો તમામ સ્ટાફ સ્તબ્ધ રહી જાય છે. વૃદ્ધ શિક્ષક ઝુકી પડેલ નવયુવાન કલેકટરને બેઠો કરી બાથમાં લઈ લે છે અને રડી પડે છે. શિક્ષક પોતાના વિદ્યાર્થીની ઉન્નતિ, વિનમ્રતા અને જવાબદારીની ભાવનાથી અત્યંત ખુશ થઈ જાય છે.

બહાર વરસાદ વરસી રહ્યો છે તો અંદર લાગણીથી તરબતર ચહેરા પર અશ્રુધારા વહી રહી છે.

# કોઈની મનોવૈજ્ઞાનિક હત્યાના દોષિત આપણે પોતે તો નથી ને ?

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk



(ગતાંકથી ચાલુ)

એક પૂરાકલ્પન છે. વાત ખૂબ જ જાણીતી છે. એક વૃધ્ધ વ્યક્તિ એક ઘોડા સાથે પોતાના તરુણ વયનાં દિકરા સાથે લઈને મુસાફરી કરતો હતો. ઘોડો શરીરે થોડો નબળો હતો એટલે બાપ-દિકરો બંને ઘોડાને દોરીને લઈ જતા હતા અને એ બંને પણ ઘોડા સાથે પગપાળા ચાલતા હતા. ઘોડો સાથે હોવા છતાં બાપ-દિકરાને ચાલતા જતા જોઈને એક રાહદારીએ ટોણો માર્યો કે બાપ-દિકરો બંને મૂરખ છે. અલમસ્ત ઘોડો સાથે છે તો પણ બંને ચાલતા જાય છે. ટોણો સાંભળીને દીકરાને ઘોડા ઉપર બેસાડયો અને બાપ ઘોડા સાથે ચાલવા લાગ્યો. થોડા આગળ વધ્યા ત્યાં એક બીજા રાહદારીએ ટોણો માર્યો. "દિકરો શરમ વિનાનો છે. વૃદ્ધ બાપ ચાલતો જાય છે અને દિકરો ઘોડા ઉપર બેઠો છે. દિકરાને બાપની દયા નથી." એ ટોણો સાંભળીને બંનેએ નિર્ણય ફેરવ્યો અને બાપ ઘોડા ઉપર બેઠો અને દીકરો ચાલવા લાગ્યો. બંને આગળ વધ્યા ત્યાં એક બીજા રાહદારીએ ટોણો માર્યો. "બાપમાં દયાનો છાંટો નથી. તરુણ વયનો દિકરો પગ તોડે છે ને બાપ ઘોડે સવાર." એ ટોણો સાંભળીને બાપ દિકરો બંને ઘોડા ઉપર સવાર થઈ ગયા અને આગળ વધ્યા. આગળ ત્રીજા એક રાહદારીએ શરીરે નબળા ઘોડા ઉપર બાપ દિકરા બંનેને સવાર થઈને જતાં જોઈને ટોણો માર્યો કે બન્નેમાંથી કોઈના હૃદયમાં દયાનો છાંટો નથી. બિચારા માયકાંગલા જેવા ઘોડા ઉપર અલમસ્ત એવા બે ય બાપ દિકરો સવાર થઈને બેઠા છે ને મજા માણે છે.

વગર વાંકે, ખોટી રીતે, પોતાને કઈ જ લાગતું વળગતું ન હોય છતાં નિર્દોષ લોકોને કોઈપણ કારણ શોધીને તેમને હેરાન-પરેશાન કરવાની આ પ્રકારની રીત જાણીતી છે. આ સિવાય પણ લોકો ઘણા પ્રકારની તરકીબો અજમાવતા રહેતા હોય છે.

પેલા બાપ-દિકરા અને ઘોડાના પૂરકલ્પનની જેમ જ વ્યક્તિ કોઈપણ પ્રકારના નિર્ણયો લઈને કાર્યો કરે, તેને માનસિક રીતે પરેશાન કરનાર એ વ્યક્તિના બધા જ નિર્ણયોને કોઈપણ રીતે ખોટા ઠેરવવીને માનસિક ત્રાસ આપતા હોય છે. આ પ્રકારના કૃત્યોને મનોવિજ્ઞાનમાં crazy making કહે છે. જે વ્યક્તિ આ વૃતિનો ભોગ બની હોય છે એ પોતાના દરેક કાર્યો, પોતના દરેક નિર્ણયો ખોટા સાબિત હોય ધીમે ધીમે વ્યક્તિને એવી લાગણી થયા કરે છે કે પોતે કઈ જ કરી શકે એમ નથી. પોતે કઈ જ કામની નથી. પોતે એકદમ નકામી વ્યક્તિ છે. આમ વ્યક્તિનો આત્મવિશ્વાસ ડગવા લાગે છે.

કોઈપણ વ્યક્તિએ ભૂતકાળમાં જાણે-અજાણે કેટલીક ભૂલો કરેલી જ હોય છે. એમાંની કેટલીક ભૂલો કે કૃત્યોની સતત યાદ અપાવીને તેને મહેણાં ટોણાં મારવાની એક જાણીતી અને પ્રચલિત રીત છે. વ્યક્તિએ પોતે કરેલી ભૂલોને સ્વીકારી લીધી હોય, એ ભૂલો થકી કોઈને મોટું નૂકશાન ન થયુ હોય, મહેણાં-ટોણાં મરના વ્યક્તિને એ ભૂલો સાથે ક્યારેક કશું જ લાગતું વળગતું ન હોય તો પણ એ ભૂલોને સતત યાદ કરીને વ્યક્તિને માનસિક ત્રાસ આપવામાં આવતો હોય છે. એ પણ નજીકના સ્નેહીઓ, સંબંધીઓ કે મિત્રો દ્વારા.

બીજી એક રીત છે વ્યક્તિની નબળાઈઓને પકડીને સતત એના તરફ અંગુલિનિર્દેશ કરતાં રહેવાનો. વ્યક્તિ પોતે પણ પોતાની નબળાઈઓને જાણતી હોય છે અને પોતાની નબળાઈઓ ઉપર કાબૂ મેળવવા માટે પ્રયત્ન પણ કરતી હોય છે આમ છતાં તેની નબળાઈઓની સતત ટીકાઓ કરીને, એ નબળાઈઓનો જાહેરમાં ઉલ્લેખ કરીને, એ નબળાઈઓનો ખોટી રીતે લાભ ઉઠાવીને વ્યક્તિને જલીલ કરવાં આવતી હોય છે. વ્યક્તિને સતત માનસિક તાણમાં રાખીવાની તરકીબો અજમાવીને લોકો તેને હેરાન પરેશાન કરતાં રહેતા હોય છે.

વ્યક્તિ બીજું ઘણુંબધું સહન કરી શકે છે પણ પોતાના ચરિત્રયને લાંછન લાગે છે ત્યારે ગમે તેવી હિમતવાન વ્યક્તિ નાસીપાસ થઈ જતી હોય છે. રાક્ષસી વૃતિ ધરાવનાર લોકો વ્યક્તિના ચારિત્ર્ય ઉપર ખોટા ઘા કરીને તેને માનસિક ત્રાસ આપવાની પણ એક રીત અજમાવતા હોય છે. વ્યક્તિની નિષ્ઠા, વ્યક્તિની કટીબદ્ધતા, વ્યક્તિની પ્રમાણિકતા અને વ્યક્તિના ચારિત્ર્ય વિષે વિવિધ પ્રકારના આક્ષેપો કરીને વ્યક્તિનું ચારિત્ર્ય હનન કે ખંડન કરવામાં આવતું હોય છે. જે વ્યક્તિ આ પ્રકારની વૃતિનો શિકાર બનતી હોય છે તેને વિવિધ લોકો સમક્ષ, વિવિધ સમયે પોતાનું ચારિત્ર્ય શુદ્ધ છે એવું સતત સાબિત કરતાં રહેવું પડતું હોય છે. ખોટી રીતે, વગર વાંકે પોતાના ચારિત્ર્યના જાહેરમાં લીરા ઉડતા જોઈને વ્યક્તિ ભીતરથી ભાંગી જતી હોય છે. ક્યારેક તેનું જીવવું પણ દોહ્યલું બની જતું હોય છે.

વ્યક્તિને એકલી પાડી દેવી, સમાજ કે કુટુંબમાંથી વ્યક્તિ બહિસ્કૃત થઈ હોય એવું તેની સાથે વર્તન કરવું, વ્યક્તિ સમૂહમાં આવી જ ન શકે કે ભળી જ ના શકે એવા નુસખા અજમાવવા, સામૂહિક રીતે લેવાતા કૌટુંબિક નિર્ણયોમાં એ વ્યક્તિને સામેલ ન કરવી અથવા તેના મંતવ્યોનું અવમૂલ્યન કરવું, આ પ્રકારની તરકીબોનો ઉપયોગ કરીને વ્યક્તિને માનસિક ત્રાસ આપવામાં આવતો હોય છે. આવી પરિસ્થિતિમાં વ્યક્તિ એકલી પડી જતી હોય છે અને એવી લાગણી અનુભવતી હોય છે કે જાણે પોતાનું કોઈ જ નથી, પોતાના સંબંધોનું કોઈ મહત્વ જ નથી. માત્ર કુટુંબીજન કે સ્નેહીજનના કિસ્સામાં જ આવું બનતું હોય છે એવું નથી, મિત્રમંડળ, સામાજિક, ધાર્મિક કે જ્ઞાતીના મંડળો કે સહકર્મચારીઓના સમૂહમાં પણ કોઈ ને કોઈ વ્યક્તિ સાથે આવું વર્તન થતું રહેતું હોય છે.

**(ક્રમશઃ)**

# મહાભારતની કથા પ્રત્યેક વ્યક્તિની વ્યથાનું પ્રતિબિંબ છે!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com



કોરોના મહામારીની કપરી કસોટી શરૂ થઈ અને સર્વત્ર દેશો લોકડાઉન થયાં, જનજીવન થંભી ગયું અને બધા જ લોકો તથા સરકારો માટે આ તદન નવી સમસ્યાનો સામનો કરવાનું સાવ અચાનક આવી પડ્યું અને હજી આજની ક્ષણે આપણે બધા જ જીવનને કઈ રીતે સુરક્ષિત કરવું તેની ચિંતા લઈને જીવી રહ્યા છીએ. લોકડાઉન દરમિયાન બે ધાર્મિક ટીવી સીરીયલો દૂરદર્શન ઉપર જે ફરીથી પ્રસારિત કરવામાં આવી તેના લીધે સમાજ ને બહુ જ દિલથી એક ઉચ્ચ પ્રકારનું ઉમદા તત્વ મળ્યું !! ઘણા બધા લોકોએ આ ધાર્મિક સિરિયલો શાંતિથી જોઈ અને દિલથી દિમાગ સુધી માણી. આ અગાઉના મારા આ કોલમમાં મેં રામાયણ ઉપરના ઉત્તમ વૈચારિક ઉપદેશાત્મક બિન્દુઓની વાત રજૂ કરી હતી! હવે મહાભારતની સમગ્ર કથાએ માત્ર કથા જ નથી એ બધી જ વર્ષો અગાઉ બનેલી હકીકતો છે. વાસ્તવિક વાતો છે. પાંડવો ભારતમાં જયાંથી વનમાં ગયા છૂપાવેશમાં પણ રહ્યા અને આ સમયે જયાંથી પસાર થયા રોકાયા એ બધાનાં ઐતિહાસિક પુરાવા પૂરા પાડતા સ્થાનકો અને મંદિરો આજે પણ જોવા મળે છે.

ઈશ્વરના હિન્દુ શાસ્ત્રો મુજબ જે અવતારોની વાત કરવામાં આવી છે તેમાંના ઘણા અવતાર ભારતમાં એટલા બધા પ્રભાવક કે સુખદ રહ્યા જેના કારણે જે તે સમયે પ્રજાને પીડામાં કોઈકે રાહત આપી હોય તેવું અનુભવ્યું !! હજારો વર્ષ પૂર્વે પણ માનવ સમાજની નબળાઈઓ કે પીડાઓ, વિઘ્નો,માનવ સહજ સમસ્યાઓ પણ એટલી જ પીડાદાયી હતી જેટલી પીડા આજે પણ જોવા મળે છે. માનવના જીવનમાં અવશ્ય રીતે શ્રદ્ધા, ઈશ્વર, આસ્થા, માન્યતા જોડાયેલા જોવા મળે છે. પૂરા વિશ્વમાં બે પ્રવાહ અચૂક અને અવિરત ચાલ્યા જ કરે ઓછે જેમાં એક હકારાત્મક અને બીજો નકારાત્મક - જે બંને જીવનને હરપલ અસર કરે છે. મહાભારત એ માત્ર ભૂમિ કે વારસાઈ હક્ક સંલગ્ન કથા નથી. મહાભારત કથામાં સ્વાથ છે, પુરુષાર્ત છે કે પરહિત છે, દ્વિધાની સાથે શ્રીકૃષ્ણ જેવા મહાનાયકનું તાત્ત્વિક, દાર્શનિક અને વ્યવહારું સમાધાન પણ છે. સ્ત્રી-પુરુષના સંબંધોમાં ઉચ્ચ કોટિની શુદ્ધ મૈત્રીનો જબરો પ્રતિઘોષ યા રણકાર છે. પારિવારિક સંબંધોનું જે મનોવિજ્ઞાન છે તે અને મહદંશે લાગણીપ્રધાન નિર્ણયો કેટલા હાનિકારક બન્યા તેની પૂર્ણ વાત કહી જાય છે. પાંચ પાંડવો વિ. એકસો કૌરવો ઉપરાંત ત્યાં નકારાત્મક પાત્રો પણ કાર્યરત હતાં જેમાં ધૃતરાષ્ટ્રને તો પ્રથમ કહેવા જ પડે તે ઉપરાંત શકુનિ તથા શિશુપાલ પણ છે. કર્ણ મહા દાનવીર અને શક્તિશાળી કુંતિનો પુત્ર પરંતુ મિત્રતાની વફાદારી ખોટી જગ્યાએ બાંધી અને આખુ વ્યક્તિત્વ અર્થહીન થઈ ગયું ! આ બધી જીવનની વિડંબણાઓમાં જીવન જાણે - અજાણ્યે પીડાતુ જ રહે છે અથવા વિપત્તિઓ ટકી જાય છે!!

કુરુક્ષેત્રના યુદ્ધમાં અર્જુનને વિષાદયોગ થઈ જાય છે તેના દિલમાં એ જ દ્વિધા છે કે આ સામે પક્ષે જે કોઈ ઊભા છે તે બધા જ અંગત છે અથવા પૂજનીય છે તો આ યુદ્ધ કર્યા બાદ વિજય આનંદ તો કદી પણ મળવાનો નથી તેથી એ લડાઈ માટે તૈયાર થતો નથી !!

શ્રીકૃષ્ણએ યુદ્ધના મેદાન અને માહોલ વચ્ચે જે ઉપદેશ આપ્યો તેએ આપણે ભાગવદ્ ગીતા તરીકે જાણીએ અને માનીએ છીએ. આ ગીતા ઉપદેશ દુનિયામાં અદ્ભૂત અને અદ્વિતિય છે. કૃષ્ણના જન્મની કથા, કૃષ્ણની બાળલીલા, પાંડવોની સહાયતા, ગીતા ઉપદેશ, પાંડવોનું પુનઃ શાસન સંભાળવું વગેરે બધીજ વાતોમાં અખૂટ સંદેશા - માર્ગદર્શન - ઉપદેશ સમાયેલા છે. મહાભારતની કથા વંચાતી નથી જેમ બીજી કથા બેસાડવામાં આવે છે; પરંતુ આધુનિક યુગમાં કોઈ સાધુ વિદ્વાન મહાભારત - કથાનું રસપાન કરાવે છે તે જાણી આશ્ચર્ય સાથે આનંદ પણ થયો કેમ કે આમ કરવા પાછળનો ઉપદેશ ઉમદા જોવા મળ્યો. કૃષ્ણ અને કંસ રાશિ તો એક જ પણ જન્મ જન્મ સાથે કર્મફળમાં કેટલી ભિન્નતા ?? ટીવી સીરીયલ મહાભારતના તમામ અકાકારો તેમની ભૂમિકાઓમાં સર્વશ્રેષ્ઠ સાબિત થયાં છે. કૃષ્ણ, ભિષ્મ પિતામહ, ધૃતરાષ્ટ્ર, કર્ણ, શકુનિ, અર્જુન, દ્રૌપદી, વિદૂર, સંજય બધાની પ્રસ્તુતિ અત્યુત્તમ છે. બી.આર. ચોપડા પ્રોડકશન એટલે જ ભવ્યતા અને સફળતા એમ કહેવાય છે. મહાભારત કથા ઉપરથી ઉપદેશ કોના પાસેથી શું મૂળ્યો એ માટે નવ સાર સૂત્રો બધાને જીવનમાં ઉપયોગી થાય તે નીચે મુજબનાં છે. (૧) સંતાનોની ખોટી જીદ અને માંગણીઓ ઉપર તમારો જો સમયસર અંકુશ નહીં હોય તો જીવનમાં અંતે તમે નિઃસહાય થઈ જશો (કૌરવો) (૨) તમે ગમે તેટલા બલવાન હો પણ તમે અધર્મનો સાથ આપશો તો તમારી શક્તિ, અસ્ત્ર-શસ્ત્ર, વિદ્યા, વરદાન બધું જ નકામું કે વ્યર્થ થઈ જશે (કર્ણ) (૩) સંતાનોને એટલા મહત્વાકાંક્ષી ના બનાવો કે વિદ્યાનો દુરુપયોગ કરીને સર્વનાશ નોંતરે (અશ્વત્થામા) (૪) કયારેક કોઈને એવા વચન ના આપો કે જેનાથી તમારે અધર્મીઓની સામે સમર્પણ કરવું પડે (ભીષ્મ પિતામહ) (૫) સંપત્તિ, શક્તિ, સત્તા, સંખ્યાનો દુરુપયોગ અને દુરાચારીઓનો સથવારો છેવટે બધાનો નાશ નોતરે જ છે (દુર્યોધન) (૬) અંધ વ્યક્તિ અર્થાત સ્વાર્થાન્ધ, વિત્તાંધ, મદાંધ, જ્ઞાનાંન્ધ, મોહાંન્ધ અને કામાન્ધ વ્યક્તિના હાથમાં સત્તાનું સુકાન સોપાવું જોઈએ નહીં જો આવું બને તો વિનાશ આવી શકે જ છે (ધૃતરાષ્ટ્ર) (૭) વિદ્યાની સાથે વિવેક હશે તો તમે અવશ્ય વિજયી થશો અને ગીતામૃત પણ પામી શકશો (અર્જુન) (૮) બધા સમયે - બધી બાબતોમાં છળકપટથી તમે બધે બધી બાબતમાં બધો વખત સફળ નહીં થઈ શકો એ શક્ય નથી (શકુનિ) (૯) જો તમે નીતિ, ધર્મ,કર્મ, સફળતાપૂર્વક નિભાવશો તો વિશ્વની કોઈ પણ શક્તિ તમારો વાળ પણ વાંકો નહીં કરી શકે (યુધિષ્ઠિર).

મહાભારતની કથામાંથી ઘણું ઘણું પ્રત્યેક માનવીએ શિખવાનું છે. જયારે તમારી સાથે ઈશ્વર હોય ત્યારે તમારા કર્મમાં સફળતાની શક્તિ સમાય જાય છે. અતિ મહત્વાકાંક્ષા જીવનને અશાંત કરી મૂકે અને અંતે સારાસારને ભૂલી જતા વિનાશ થઈ જાય છે. જીવનમાં કડવું બોલવાનું જયારે અતિ જરૂરી હોય ત્યારે મીઠું બોલવુ એ છેવટે અધર્મનો અંશ છે. મહાભારતમાં વિદૂરનીતિનું એટલે જ અતિ મહત્વ છે. હાલના સમયમાં સ્પષ્ટ અને સત્યતાને વરેલા વક્તા કમ થઈ ગયા છે. શબ્દોમાં શક્તિ છે માટે તેના વપરાશમાં જો સાવધાની ના રાખવાથી મહાભારત જરૂર સર્જાય જાય છે. આમ આ કથા માનવ જયાં સુધી પૃથ્વી ઉપર જીવશે ત્યાં સુધી માર્ગદર્શક બની રહેશે. ભગવાન શ્રીકૃષ્ણ વિશ્વને મહામારીથી ઉગારી લે તેવી પ્રાર્થના છે.

**શેર આસ્વાદ :**

**તમે ભીનો સ્પર્શ અમને આપી જુઓ**
**અમે તમને પરત કરશું ભીનું ચોમાસું**